# પ્રાંતિજમાં મીઠાની ખરીદી માટે ગ્રાહકોની ભીડ જામી





પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત તાલુકામાં પણ અફવાઓને લઈને મીઠાની ખરીદી કરવા લોકોની ભીડ જોવાં મળી હતી અને કેટલાક રોજીદા ગ્રાહકોએ તો વેપારીઓને ફોન કરી રાત્રીનાં સમયે દુકાનો ખોલાવી મીઠાની ખરીદી કરી.

પ્રાંતિજ તથા તાલુકામાં મીઠાની અફવાએ જોર પકડવા મીઠાનાં ભાવ રાતોરાત વધારો થયો હતો અને રોજીદી જરૂરીવાળા પકોડીવાળા, પાઉભાજી અને લારી ગલ્લાવાળા લોકો દોડી આવ્યાં હતાં અને રાત્રીનાં સમયે મીઠું લેતાં નજરે પડ્યા હતાં.

ત્યારે કેટલાક વેપારીઓએ તો રોજીદા વેચાણ ભાવે જ મીઠું આપ્યું હતું ત્યારે કેટલીક જગ્યાએ વેપારીઓ તકનો લાભ લીધો હતો જયારે મીઠાની ફેકટરી ઉપર પણ રાબેતા મુજબ રોજીદા ભાવે મીઠું વેચાણ થતું જોવાં મળ્યાં હતું અને લોકો મીઠું લેવાં માટે પડાપડી જોવાં મળી હતી જયારે હાલતો માત્ર અફવાઓએ લોકો ને મીઠું ખોરતા કરી દીધાં હતાં.



## લોકો ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટ લઈને પહોંચ્યા બેંકમાં....

સમગ્ર દેશ માં ૫૦૦ અને ૧૦૦૦ ની ચલણી નોટ બંધ થતા આજે બનાસકાંઠા જિલ્લાના ધનેરામાં લોકો પાસે પડી રહેલી ૫૦૦ અને ૧૦૦૦ ની ચલણી નોટ જમા કરાવવા માટે બધીજ બેંકોમાં ભારે ભીડ જોવા મળી હતી તો બીજી તરફ કોઈ અણબનાવ ન બને તે માટે બેંકો પાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં આવેલી દેનાબેંક સ્ટેટ બેન્ક બેન્ક ઓફ બરોડા એચ ડી એફ સી બેન્ક વગેરે ની તમામ બેંકો માં પૈસા જમા કરાવવા અને ચલણી નોટ બદલાવવા માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે તો બીજી તરફ કોઈ અણબનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવા માં આવ્યો છે.



દેશ ભરમાં કાળુ ધન અને ભ્રષ્ટાચાર ની નાબુદી ને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરાયેલાં ઐતિહાસીક નિર્ણય માં રૂપીયા ૫૦૦ અને ૧૦૦૦ નાં દર ની નોટો ઉપર પ્રતિબંધ લગાવી દેશ ને બચાવવાનો જે કાર્ય કર્યુ છે તેને મોટો આવકાર મળી રહ્યો છે. ત્યારે યાત્રાધામ અંબાજી ખાતે અંબાજી શહેર નરેન્દ્ર મોદી વિચારમંચ દ્વારા મોડી સાંજે ફટાકડા ફોડી આતસબાજી કરી નરેન્દ્ર મોદીનાં નિર્ણય ને આવકાર્યો હતો અને આ નિર્ણયથી દેશનું અર્થતંત્ર પણ સુધરશે તેવી અપેક્ષા વ્યક્ત કરાઈ હતી.

# લોકોના પ્રશ્નોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવવા માલણ ખાતે સેવા સેતુ કાર્યક્રમ





પાલનપુર, તા.૧૨

રાજયના વહીવટમાં પાદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યકિતલક્ષી અને સામૂહિક રજુઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજય સરકાર ધ્વારા સેવા સેતુ-પ્રગતિ સેતુ કાર્યક્રમ સમગ્ર રાજયમાં યોજવામાં આવી રહ્યા છે. પાલનપુર તાલુકાના માલણ ખાતે બનાસકાંઠા કલેકટરશ્રી જેનુ દેવનના અધ્યક્ષસ્થાને સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માલણ સહિત આજુબાજુના ૨૪ ગામના લોકોએ પોતાના પ્રશ્નો રજુ કર્યા હતા. તે પ્રશ્નોનું અધિકારીઓ અને કર્મચારીઓ ધ્વારા સ્થળ ઉપર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં યુ.જી.વી.સી.એલ. દ્વારા એલ.ઈ.ડી.બલ્બનું વિતરણ કરવામાં આવ્યું હતું. પોસ્ટ વિભાગ ધ્વારા નવા ખાતા ખોલવામાં આવ્યા હતા. તેમજ લાભાર્થીઓને આવક, જાતિના દાખલા, ક્રિમીલેયર, ડોમીસાઈલ પ્રમાણપત્ર વગેરે પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. ઉપરાંત લાભાર્થીઓની રેશનકાર્ડ, આધારકાર્ડ અને ચૂંટણી કાર્ડમાં નામ નોંધાવવાની અરજીઓ તથા મા અમૃતમ અને મા વાત્સલ્ય કાર્ડ મેળવવાની અરજીઓ સ્વીકારીને સ્થળ ઉપર કાર્ડ આપવામાં આવ્યા હતા. જેનાથી લાભાર્થીઓમાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી. તેમજ કૃષિ, પશુપાલન, સહકાર, ગ્રામ વિકાસ, પંચાયત, સમાજ કલ્યાણ, આદિજાતિની સ્કીમો, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, સ્કોલરશીપના લાભો, વિધવા અને વૃધ્ધ નિરાધાર સહાય, જમીન માપણી અને નવી નોંધ, ખેડુત ખાતેદારને ૮-અ નું વિનામૂલ્યે વિતરણ વગેરેને લગતા વ્યક્તિગત પ્રશ્નો લોકો ધ્વારા રજુ કરવામાં આવ્યા હતા. જેનું સ્થળ ઉપર જ વહીવટીતંત્ર ધ્વારા નિરાકરણ લાવવામાં આવ્યું હતું. જેનાથી લોકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

# ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવ મળે તે માટે બનાસ ડેરી ટેકાના ભાવથી મગફળી ખરીદશે

પાલનપુર, તા. ૧૨

ગુજરાતના વિવિધ વિસ્તારોમાં પાકેલા મગફળીના મબલખ પાકના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તે માટે ઉત્તર ગુજરાતના વિવિધ સેન્ટરો પરથી ટેકાના ભાવે મગફળી ખરીદ કરવાનો ખેડૂતલક્ષી નિર્ણય બનાસ ડેરી દ્વારા લેવાતા ઉત્તર ગુજરાતના મગફળી પકવતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે.

બનાસ ડેરીના ચેરમેન અને રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો મળે તે માટે ઉત્તર ગુજરાતના ૨૩ સેન્ટરોમાં ખેડૂતો મગફળીનું વેચાણ કરી શકે તે માટે રાજ્ય સરકારમાંથી ખાસ મંજૂરી મેળવીને ખેડૂતો માટે વેચાણ વ્યવસ્થા ઉભી કરી છે. જે અંતર્ગત ટેકાનો ભાવ એફ.એ.ક્યુ ક્વોલીટીની માન્ય ગુણવત્તાવાળી મગફળીનો પ્રતિ ક્વિન્ટલ રૂ ૪૨૨૦/ નિયત કરવામાં આવ્યો છે.

ટેકાના ભાવથી બનાસ ડેરીને મગફળી વેચવા માંગતા ખેડૂતોએ ૭/૧૨ તથા ૮-અ ના ચાલુ વર્ષ (ખરીફ ૨૦૧૬-૧૭)માં મામલતદારશ્રી /તલાટી કમ–મંત્રીના સહી સિક્કા વાળા પ્રમાણિત કરેલ દાખલા લાવવાના રહેશે તેની સાથે મગફળીનું વાવેતર કર્યા અંગેના હેકટર દીઠ ઉત્પાદન (પાણીપત્રક)નો ઉલ્લેખ કરેલો હોવો જરૂરી છે તેમજ ફોટાવાળું આઈડી કાર્ડ (ચુંટણી કાર્ડ/આધાર કાર્ડ/ડ્રાઈવિંગ લાયસન્સ) તથા બેંક પાસ બુકમાં આઈએફએસસી(હ્લજીઝ) કોડ સાથેના બેંક ખાતા નંબર વાળી ઝેરોક્ષ નકલ જરૂરી છે. એક દિવસમાં નિયત જથ્થાની ખરીદી અને તોલ કરવામાં આવશે. ખેડૂત ખાતેદારે વેચેલ મગફળીના પૈસા ખેડૂતના બેંક ખાતામાં સીધા જમા થઈ જશે તેવી સુવિધા ઉભી કરવામાં આવશે.

ટેકાના ભાવથી બનાસ ડેરી બનાસકાંઠાના વડગામ, ધાનેરા, થરાદ, ઢિમા, થરા, પાલનપુર, ડીસા, અમીરગઢ, દાંતા, દિયોદર, લાખણી, ભાભર, રાધનપુર, ભીલડી અને પાંથાવાડા તેમજ મહેસાણા જિલ્લાના વિજાપુર, સતલાસણા અને વિસનગર તથા પાટણ જિલ્લાના પાટણ, હારીજ અને સિદ્ધપુર જેવા કેન્દ્રો ઉપરાંત ગાંધીનગર જિલ્લાના માણસા અને દહેગામ કેન્દ્રોમાં ખેડૂત મગફળી વેચી શકશે.

ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે મગફળીના વિપુલ પ્રમાણમાં ઉત્પાદનની સામે ખેડૂતોને પોષણક્ષમ ભાવો ન મળતા ભારે હાલાકી સર્જાઈ હતી, તેવા સંજોગોમાં બનાસ ડેરીએ ખેડૂતોના હિતમાં આવકારદાયક નિર્ણય લેતા ઉત્તર ગુજરાતના ખેડૂતો આનંદ અને રાહતની લાગણી અનુભવે છે.



## ઉઠો જાગો અને બેંક તરફ દોડ મુકો : અરવલ્લી જિલ્લામાં અફરાતફરીનો માહોલ યથાવત

દેશભરમાં રૂ. ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ જમા કરાવવા અને બદલવા માટે બેંકોમાં છેલ્લા ત્રણ દિવસથી કતારો લાગી છે. મોડાસા શહેર સહિત જિલ્લાની બેંકોમાં નાણાં, ફોર્મ અને એટીએમ મશીનોમાં અપુરતા નાણાના લીધે દરવાજાને બંધ કરી દઈ નાણા નથી, ફોર્મ નથી ના બોર્ડ લગાવી દેતા અફડાતફડી મચી ગઈ છે. આમ છતાં પૈસે લોકો નાણા વિનાનો નાથીયો બની ગયાનો નાલ સર્જાયો છે. એક ગ્રામીણ મહિલા તેના પરિવાર સાથે વહેલી સવારે મોડાસાની એક બેંક આગળ ૪૦૦૦ રૂ.ની નોટ બદલાવવા આવી પહોંચી હતી ત્યારે તેની સાથેનો વાર્તાલાપ ઘણુ બધુ શીખવી અને સમજાવી જાય છે. “હું કરૂ સાહેબ જાણથી રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટ બંધ થઈ જઈસ ત્યારથી જીવવુ મુશ્કીલ બની જ્યુસ આખુ વરસ ખેતરોમાં કાળી મજુરી કરી કોઈ અચાનક આવી પડતી તકલીફ માટે ભેગા કરેલા રૂ. ૧૦,૦૦૦ ની રૂ. ૧૦૦૦ની નોટો કાગળીયા બની જવાની વાતથી ગામડામાં લોકોમાં દોડાદોડી કરી મુકીસ” ઘરમાં કોઈ કરવા વાળુ નથી એટલે ઘરવાળા અને છોકરા સાથે સવારની આવી જઈસુ” એક દાડાની મજૂરી બગાડી લાઈનમાં ઉભા રહેવાની દોટ મુકતા હાલત કફોડી બની જઈસ.”

# અરવલ્લીમાં તુલસી વિવાહની ઉમંગભેર ઉજવણી કરાઈ

## અગિયારસે દર્શન કરવા શામળાજી વિષ્ણુમંદિરમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જામી





મોડાસા, તા. ૧૨

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથકો અને વિવિધ દેવસ્થાનોમાં કારતક સુદ-અગિયારસે તુલસી વિવાહના કાર્યક્રમો શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક યોજવામાં આવ્યા હતા. જેમાં યાત્રાધામ શામળાજીમાં વિષ્ણુ મંદિર ખાતે ભગવાનના તુલસી વિવાહમાં ભક્તો ઉમટી પડી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ગઈકાલે બંને જિલ્લાઓમાં કારતક સુદ-અગિયારસ એટલે તુલસી વિવાહના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વિધિવત લગ્નની ચોરી, મામેરૂ, જાનૈયાઓ અને કન્યા વિદાયના કાર્યક્રમો યોજવામાં આવે છે. ભગવાનના આ તુલસી વિવાહના દર્શન કરી બંને જિલ્લાના પ્રજાજનો ધન્યતા અનુભવી હતી.

જ્યારે અરવલ્લીના વિવિધ દેવસ્થાનોમાં પણ ખાસ રીતે આયોજન કરવામાં આવેલ તુલસી વિવાહના કાર્યક્રમને નિહાળવા ભક્તો ભાવભેર ઉપસ્થિત રહી આ કાર્યક્રમનો લાભ લઈ પ્રસંગને ઉજવ્યો હતો. તુલસી વિવાહ કાર્યક્રમ દરમિયાન વિવિધ તૈયાર કરવામાં આવેલ લગ્નની ચોરી, મામેરૂ, જાનેયાઓ અને છેલ્લે કન્યા વિદાયના કાર્યક્રમોને નિહાળવાનો લ્હાવો એક અલગ જ સુંદરતાપૂર્ણ નજારો હોય છે જેમાં સાક્ષાત ભગવાનના દર્શન થાય છે અને કારતક સુદ અગિયારસને દેવ ઉઠી અગિયારસ તરીકે પણ ગણવામાં આવે છે. હિન્દુ શાસ્ત્રમાં દિવાળી પછી આજે દેવ ઉઠી અગિયારસે દેવો ઉઠતા હોય છે અને ફરીથી બ્રહ્માંડનું ચક્ર ગતિમાન થાય છે તેવું માનવામાં આવે છે.

# પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો





પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો જેમાં કોંગ્રેસના ધારાસભ્યો સહિત તાલુકામાંથી કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને એકબીજા ને નવા વર્ષ ની શુભ કામનાઓ શુભેચ્છાઓ પાઠવી મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા હતાં.

પ્રાંતિજ ખાતે આવેલ દશાશ્રીમાણી વાડી ખાતે પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રાંતિજ- તલોદ ના કોંગ્રેસના ધારા સભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, વડગામ ના કોંગ્રેસ ના ધારાસભ્ય મણીભાઈ વાઘેલા, પૂર્વ કુષિમંત્રી ગોવિદભાઈ પટેલ, લાખાભાઈ ભરવાડ, તાલુકા પ્રમુખ દક્ષાબેન, મણીભાઈ પટેલ, બીપીનભાઈ પટેલ, બેચરસિંહ રાઠોડ, મિલ્કતસિંહ રાઠોડ, વિષ્ણુભાઈ પટેલ,રામસિંહ પરમાર, અમરીશભાઈ પટેલ, રેખાબેન સહિત કોંગ્રેસ કાર્યકરો આગેવાનો મોટીસંખ્યામા ઉપસ્થિત રહ્યાં હતાં અને એક-બીજાને શુભ કામનાઓ શુભેચ્છાઓ પાઠવી હતી.

જયારે ચાલુ સરકાર ઉપર શબ્દો ના પ્રહાર કર્યા હતાં જયારે ૫૦૦-૧૦૦૦ ની નોટો બંધ કરવાનો નિર્ણય યોગ્ય ગણાવ્યો હતો પણ યોગ્ય સમયે બંધ કરવી જોઈએ જયારે હાલ પાંચ રાજયોને લક્ષમાં રાખીને મોદી સરકારે કિમીઓ અપનાવ્યો હોય તેવું જણાવ્યું હતુ અને હાલ ૫૦૦-૧૦૦૦ની નોટોને લઈને સામાન્ય માણસ હેરાન થઈ રહ્યો છે. અને પોતાનાં પૈસા હોવાછતાં બેંકોમાં લાંબી- લાંબી કતારો લાઈનોમાં ઉભા રહેવાનો વાળો આવ્યો છે અને આવનાર ચુંટણીઓને ધ્યાનમાં લઈને પણ વિશેષચર્ચાઓ કરી ચોક્કસ રણનીતી બનાવવાં પણ ચર્ચાઓ કરવામાં આવી હતી.



## બચ્ચા પાર્ટીએ પણ ગલ્લા ફોડવા માંડ્યા

૫૦૦-૧૦૦૦ની નોટ રદ કરતાં બચ્ચા પાર્ટીઓએ પોતાના બચત કરીને ભરેલા ગલ્લાઓ પણ ફોડી નાખીને ૫૦૦-૧૦૦૦ની નોટની ખાત્રી કરી લીધી હતી. હાલ જ્યાં જુઓ ત્યાં ૫૦૦-૧૦૦૦ની નોટોને બેંકોમાં જમા કરાવવા માટે દોડધામ મચી છે ત્યારે બાળકોમાં પણ રદ થયેલી નોટોને લઈને ચિંતા ફેલાઈ ગઈ હતી. જેના લીધે ક્યાંક ગલ્લામાં ૫૦૦-૧૦૦૦ની નોટ રહી ન જાય તે માટે બચ્ચા પાર્ટીઓએ પણ ગલ્લા ફોડવા માંડ્યા હતા.

# અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખે વન અધિકાર અધિનિયમ-૨૦૦૬માં ઉગ્ર વિરોધ નોંધાવતા બેઠક મુલત્વી

## જિલ્લા પદાધિકારીઓની બાદબાકીથી રોષ

અરવલ્લી, તા. ૧૨

કેન્દ્રની યુપીએ સરકાર દ્વારા દેશના જંગલમાં વસતા આદીવાસી બિન આદીવાસી લોકોને વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ની ખાસ જોગવાઈ કરી ખેતી માટે જમીન ફાળવવા જોગવાઈ કરવામાં આવેલ છે. અરવલ્લી જિલ્લા કલેકટર દ્વારા તા. ૧૧-૧૧-૨૦૧૬ના રોજ વન અધિકાર અધિનીયમ ૨૦૦૬ના અંતર્ગત જંગલમાં વસતા આદીવાસી, બિન આધીવાસી ભાઈઓને જમીન ફાળવવા અંગેની જિલ્લા કક્ષાની બેઠક ભિલોડા ખાતે બોલાવવામાં આવતા આ બેઠકમાં જિલ્લા કક્ષાના જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા સદસ્યોને મીટીંગથી દૂર રખાતા જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા ઉગ્ર વિરોધ કરાતા બેઠક મુલત્વી રાખવાની ફરજ પડી હતી.

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીના જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી વન વિસ્તારમાં જમીન ફાળવણી સંદર્ભે કુલ ૭૬૯૭ દાવાઓ કરવામાં જિલ્લાના પ્રજાજનોએ કરતા જેમાંથી ૩૯૧૧ જેટલા દાવાઓ નામંજૂર કરવામાં આવી જિલ્લાના જંગલમાં રહેતા પ્રજાજનો સાથે ઘોર અન્યાય કરવામાં આવી રહ્યો છે. તેમજ ૩૭૨૬ જેટલા દાવાઓ મંજુર કરવામાં આવેલ છે તેમાં પણ ૧૦ હેક્ટર જમીન સામે ૫-૭ ગૂંઠા જમીન ફાળવવામાં આવેલ છે.

જમીન માંગણી મુજબ પણ આપવામાં આવી નથી તેમજ જે દાવાઓ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે તેની આજ સુધી મહેસુલ રેકર્ડ પર નોંધ પાડવામાં આવી નથી. રાજ્ય સરકારના અધિનિયમની જોગવાઈ મુજબ જિલ્લા કક્ષાની કે પ્રાંત કક્ષાની નિયમિત બેઠક બોલાવવામાં આવતી નથી તેમજ બોલાવવામાં આવેલી બેઠકમાં પદાધિકારીઓની બાદબાકી કરવામાં આવી રહી છે.

આગામી ટુંક સમયમાં જંગલમાં વસતા આદીવાસી-બિન આદીવાસી દ્વારા જે જમીનની માંગણી કરવામાં આવેલ છે તે પ્રમાણે જમીન ફાળવવામાં નહિ આવે અને મંજૂર થયેલા દાવાઓની ત્વરીત મહેસુલ રેકર્ડમાં નોંધ નહી પાડવામાં આવે તો આગામી સમયમાં રાજ્ય સરકાર સામે જંગલમાં વસતા આદીવાસી બિન આદિવાસી અરજદારો સાથે રહી ન્યાય અપાવવા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની સાથે ઉગ્ર દેખાવો કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.